તડકેશ્વરની કંપનીમાં આગ: 13.50 કરોડનું નુકસાન

NU સિટિઝન ફેબ્રિક્સની પતરાની છત ધરાશાયી થઈ ગઈ

કોટિંગ મશીન અને સ્ટેન્ટર મશીન બળીને ભડથું થઈ ગયાં

માંડવી: તડકેશ્વર ગામની સીમમાં ઔદ્યોગિક સુરક્ષાના ધજાગરા ઉડાવતી ગંભીર ઘટના સામે આવી છે. બ્લોક નં.1282માં આવેલી 'NU સિટિઝન ફેબ્રિક્સ પ્રા.લિ.' નામના પ્રોસેસ હાઉસમાં લાગેલી ભીષણ આગમાં અધધ રૂ.13.50 કરોડની મશીનરી અને માલસામાન બળીને ખાખ થઈ ગયાં છે. કરોડો રૂપિયાના નુકસાન બાદ આખરે તડકેશ્વર પોલીસ મથકે જાણવા જોગ ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

બપોરના સમયે જ્યારે પ્રોસેસ હાઉસમાં ધમધમાટ કામ ચાલી રહ્યું હતું, ત્યારે કોટિંગ મશીનમાં અચાનક સ્ટેટિક ચાર્જ થતાં આગ ફાટી નીકળી હતી. સુરક્ષાનાં સાધનોની ઉણપ કે બેદરકારી વચ્ચે આગે એટલું વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું કે કોટિંગ મશીન અને સ્ટેન્ટર મશીન બળીને ભડથું થઈ ગયાં હતાં. આગ એટલી પ્રચંડ હતી કે, મશીનોની ઉપરથી પસાર થતી ઓઈલ લાઈન અને પાણીની પાઈપલાઈનો પણ બળી ગઈ હતી. જેના લીધે આખા પ્રોસેસ હાઉસની પતરાની છત ધરાશાયી થઈ ગઈ હતી. કંપનીના કર્મચારી વિશાલ વિજયભા ઈ સ્વામી (ઉં.વ.31) (રહે.,કામરેજ)એ તડકેશ્વર પોલીસ મથકે જાણ કરી હતી. પોલીસે કંપનીમાં સેફ્ટીના નિયમોનું પાલન થતું હતું કે નહીં તે દિશામાં કડક તપાસ શરૂ કરી છે.

અંકલેશ્વરમાં ગણેશ આગમન યાત્રા દરમિયાન ફાયર ક્રેકરમાં આગ

અંકલેશ્વર,ભરૂચ: અંકલેશ્વર નગરમાં સરકાર ગ્રુપ દ્વારા આયોજિત ગણેશજીના ભવ્ય આગમન સમારોહ દરમિયાન એક અણધારી ઘટના બની હતી. મુખદર્શન સ્થળે લગાવવામાં આવેલા ફાયર ક્રેકર સેટમાં અચાનક આગ ભભૂકી ઊઠતાં સમગ્ર વિસ્તારમાં દહેશત ફેલાઈ ગઈ હતી. આગ લાગતાની સાથે જ સ્થળ પર ઊમટેલા હજારો ભક્તોમાં ભયનો માહોલ સર્જાયો હતો અને નાસભાગ મચી ગઈ હતી. સદનસીબે આ ઘટનામાં કોઈપણ પ્રકારની જાનહાનિ થઈ ન હતી. ઘટનાની જાણ થતાં જ આયોજકોએ તાત્કાલિક સ્થિતિ સંભાળી હતી અને જાતે જ સેટ પર ચઢીને આગને કાબૂમાં લેવાનો પ્રયાસ કર્યો હતો. આયોજકોની સમયસરની કાર્યવાહીને કારણે આગ પર નિયંત્રણ મેળવી લેવાયું હતું

કરંજ GIDCમાં લાગેલી મોટી આગ

(1) એપ્રિલ ૨૦૨૫ સ્થળ : કરંજ GIDC
માંડવી તાલુકાની કરંજ GIDC વિસ્તારમાં આવેલી એક કંપનીના ગોડાઉનમાં અચાનક આગ ફાટી નીકળી હતી [૧.૩.૬].વિગત: ગોડાઉનમાં રહેલા પૂઠા અને કાર્ટૂન જેવા મટીરીયલને કારણે આગ ઝડપથી પ્રસરતા અફરાતફરી મચી ગઈ હતી.

(2) સપ્ટેમ્બર ૨૦૧૬ સ્થળ : હરિયાલ ગામ
માંડવીના હરિયાલ ગામ પાસે આવેલી 'સનિકા યાર્ન' (Sanika Yarns) નામની પોલિએસ્ટર યાર્ન બનાવતી ફેક્ટરીમાં ભીષણ આગ લાગી હતી. પ્લાસ્ટિક અને રો-મટીરિયલ સ્ટોર રૂમમાં શોર્ટ સર્કિટ થવાથી આગ લાગી હતી, જેણે થોડીવારમાં જ બાજુના અન્ય ત્રણ યાર્ન યુનિટોને પણ પોતાની ચપેટમાં લઈ લીધા હતા.

પંડવાઈ સુગરની ચૂંટણીમાં ઈશ્વર પટેલના 14 ઉમેદવાર બિનહરીફ

ફોર્મ ખેંચવાના અંતિમ દિવસે વિરોધી ઉમેદવારોની પીછેહઠ, માત્ર 2 બેઠક પર જ ટક્કર થશે

ભરૂચ: પંડવાઈ સુગર ફેક્ટરીના વ્યવસ્થાપક બોર્ડની ચૂંટણીમાં મંગળવારે ફોર્મ ખેંચવાના છેલ્લા દિવસે મોટો ઘટનાક્રમ બન્યો છે. રાજ્યના સહકારી દિગ્ગજ અને પાણી પુરવઠા મંત્રી ઈશ્વરસિંહ પટેલનાં 14 ઉમેદવારો બિનહરીફ જાહેર થયા છે. કુલ 16 બેઠક પૈકી માત્ર 2 બેઠક પર જ હવે ચૂંટણી યોજાશે.

મળતી માહિતી મુજબ ફોર્મ ભરવાની પ્રક્રિયામાં કુલ 33 ફોર્મ ભરાયાં હતાં. જોકે, ઈશ્વરસિંહ પટેલના વિરોધમાં તેમના મોટા ભાઈ વિજયસિંહ પટેલે પણ ઉમેદવારી નોંધાવી હતી, પરંતુ ફોર્મ ચકાસણી દરમિયાન તેમનું ફોર્મ કારણો આપીને રદ કરવામાં આવ્યું હતું. ઉપરાંત નાના અને સીમાંત ખેડૂત અનામત બેઠક પર ગણપતભાઈ ડાહ્યાભાઈ પટેલ સામે આવશ્યક દાખલો રજૂ ન થતાં તેમનું ફોર્મ પણ રદ કરાયું હતું. મંગળવારે ફોર્મ ખેંચવાના અંતિમ દિવસે ઈશ્વરસિંહ પટેલના ઉમેદવારો સામેના અન્ય તમામ ઉમેદવારોએ પોતાનાં ફોર્મ પાછાં ખેંચી લેતાં 14 બેઠક બિનહરીફ જાહેર કરાઈ છે.

જોકે, કદરમા બેઠક અને અનુસૂચિત જાતિ/જનજાતિ માટે અનામત બેઠક પર ચાર ઉમેદવારો યથાવત રહ્યા છે. કદરમા બેઠક પર વિનોદકુમાર નટવરલાલ પટેલ સામે મોહમદસિદ્દીક હાજીમિયા શેખ ટક્કર આપશે. જ્યારે અનુ.જાતિ/આદિજાતિ અનામત બેઠક પર નટવરભાઈ છગનભાઈ વસાવા અને યોગેશભાઈ ભવાનભાઈ પરમાર વચ્ચે સીધો મુકાબલો થશે. આમ, હવે આગામી તા. 5 સપ્ટેમ્બરે માત્ર આ બે બેઠકો માટે મતદાન યોજાશે. જ્યારે બાકીની 14 બેઠક પર ઈશ્વરસિંહ પટેલના ઉમેદવારો નિર્વિરોધ ચુંટાઈ ગયા છે. આથી ફેક્ટરીના સંચાલન પર પટેલ જૂથની પકડ વધુ મજબૂત થઈ હોવાનું માનવામાં આવે છે.

ઈશ્વરસિંહ પટેલ સમર્થિત બિનહરીફ ઉમેદવારો

નાંગલ બેઠક-રાજેન્દ્રકુમાર ભગુભાઈ પટેલ, સજોદ બેઠક-અરવિંદભાઈ નારણભાઈ પટેલ, માટીએડ બેઠક-અલ્કેશકુમાર નટવરલાલ પટેલ, વાલનેર બેઠક-ઈશ્વરસિંહ ઠાકોરભાઈ પટેલ, સુગેવખુર્દ બેઠક- જયેશભાઈ દુર્લભભાઈ ગોમાન પટેલ, કતપોર બેઠક-રાકેશભાઈ રમણભાઈ પટેલ, ઓભા બેઠક- રણજીતસિંહ ઉમેદભાઈ પટેલ, વેલાછા-ઇન્દ્રજીતસિંહ મહેન્દ્રસિંહ પરમાર, લીંબાડા બેઠક-ભરતભાઈ નટવરલાલ પટેલ, કંટવા બેઠક-ધવલસિંહ અરવિંદસિંહ વરાછીયા, મહિલા અનામત-જયાબેન હિતેશકુમાર પ્રજાપતિ, મહિલા અનામત-શાંતાબેન દિનેશભાઈ પટેલ, નાના અને સીમાંત ખેડૂત અનામત-રઘુવીરસિંહ ઈશ્વરસિંહ કોસાડા, બિન ઉત્પાદક બેઠક-યોગેશકુમાર મનહરલાલ ચૌહાણ

વેલાછાનો પરિવાર મરણ વિધિમાં ગયો ને ચોરો ઘર સાફ કરી ગયા

સોનાની ચેઇન અને રોકડા 10 હજારની ચોરી, ત્રણ ચોર સીસીટીવી કેમેરામાં કેદ થયા

હથોડા: વેલાછા ગામે પરિવાર માંગરોળ ખાતે મરણ વિધિમાં જતાં માત્ર ત્રણ દિવસ બંધ રહેલા ઘરને નિશાન બનાવી સોનાની ચેઈન અને રોકડા 10,000ની ચોરી કરી જતાં પોલીસે તપાસ શરૂ કરી છે.

ઘટનાની વિગત એવી છે કે વેલાછા ગામે મસ્જિદ ફળિયામાં રહેતા વસીમ બસીર શેખના સસરાનું ગત તા.21-8-2026ના રોજ અવસાન થતાં પત્ની સાથે ઘર બંધ કરીને માંગરોળ ગયા હતા. ત્યારે ગત રાત્રે કોઈ જાણભેદુ તસ્કરો ત્રાટક્યા હતા અને ભરચક વસતી ધરાવતા ઘરના આગળના ભાગે લોખંડની જાળીનો નકૂચો કાપી તાળું તોડી ઘરમાં પ્રવેશી દોઢ તોલાની સોનાની ચેઈન અને રોકડા 10,000 રૂપિયાની ચોરી કરી ગયા હતા. ત્રણ ચોર મોટરસાઈકલ લઈને આવ્યા હોવાનું સીસીટીવી કેમેરામાં કેદ થયું હતું. પોલીસે સીસીટીવી ફૂટેજ મેળવી વધુ તપાસ હાથ ધરી છે.

ઉચ્છલના વડાપાડા નેસુમાં જુગાર રમતા 6 ઝડપાયા

4 આરોપી પોલીસને ચકમો આપી ભાગી છૂટ્યા

વ્યારા: ઉચ્છલના વડાપાડા નેસુમાં પોલીસે રેડ કરી 6 જુગારીને ખુલ્લેઆમ ગંજીપાનાંનો જુગાર રમતા 6ને ઝડપી પાડ્યા હતા. જ્યાં 4 આરોપી પોલીસને ચકમો આપી ભાગી છૂટ્યા હતા.

ગત તા.24-8-2026ના રોજ રાત્રિ દરમિયાન ઉચ્છલ પોલીસે બાતમીના આધારે વડાપાડા નેસુ ગામે ટાંકી ફળિયામાં જીતુભાઈ પ્રતાપભાઈ વસાવાના ઘરની સામે ખુલ્લી જગ્યામાં જાહેરમાં હાર જીતનો જુગાર રમતા જુગારીઓને પકડી પાડ્યા હતા. દરમિયાન પોલીસે નરેશ કાતુડીયા વસાવા (ઉં.વ.36), રાજુ જીકા કાથુડ (ઉં.વ.40), જાહગુ બાબજી વસાવા (ઉં.વ.62), થોમા ગુલાબ કાથુડ (ઉં.વ.40), રાજેન્દ્ર સંતા વસાવા (ઉં.વ.50), વિજય કોટયા વસાવા (ઉં.વ.45) (તમામ રહે.,વડાપાડા નેસુ, તા.ઉચ્છલ)ને અટકાયતમાં લઈ અન્ય ચાર આરોપી જીતુ પ્રતાપ વસાવા, રવિદાસ કર્મા કાથુડ, અજય ભગુ વસાવા, રૂતા સેગા વસાવા (તમામ રહે.,વડાપાડા નેસુ)ને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા હતા. આ બનાવમાં પકડાયેલા આરોપીઓ સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

સોનગઢમાં શાંતિ સમિતિની બેઠક યોજાઈ

સોનગઢ: આગામી તા.૨૬ ઓગસ્ટે ઉજવાનાર 'ઈદ-એ-મિલાદ' પર્વને સોનગઢમાં શાંતિપૂર્ણ, ભાઈચારા અને કોમી એકતાના માહોલમાં સંપન્ન કરવાના હેતુથી તા.૨૪ ઓગસ્ટના રોજ સોનગઢ પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિની વિશેષ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહત્ત્વપૂર્ણ બેઠકમાં હિન્દુ અને મુસ્લિમ બંને સમાજના અગ્રણીઓ તેમજ સ્થાનિક પોલીસ અધિકારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં જુલૂસ માત્ર પરંપરાગત માર્ગો પર જ કાઢવા અને તહેવાર ટાણે ટ્રાફિક વ્યવસ્થા સચારુરૂપે જાળવી રાખવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો.

બાબેનમાં મુંબઈ મટકાનો જુગાર રમાડતા બે આરોપી ઝડપાયા

'દિવસ મિલન બંધ' પર સટ્ટો રમાતો હતો, 2800નો મુદ્દામાલ કબજે

બારડોલી: બારડોલી ટાઉન પોલીસનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. ત્યારે તેમને બાબેન કાલીબસ્તી પાસે એક ખાનગી જગ્યામાં મટકા જુગાર ચાલતો હોવાની બાતમી મળી હતી. આ બાતમીના આધારે પોલીસે સંજયનગરના ખુલ્લા છાપરામાં પંચોને સાથે રાખીને દરોડો પાડ્યો હતો. ત્યાં એક ઈસમ હાથમાં ચોપડી રાખીને ગ્રાહકો પાસેથી મુંબઈથી નીકળતા 'દિવસ મિલન બંધ' નામના સટ્ટાના આંકો લખીને જુગાર રમાડતો હતો અને બીજો ઈસમ તેની પાસે બેઠેલો હતો. પોલીસે બંને ઇસમોની પૂછપરછ કરતા તેમના નામ દેવાભાઈ માધુભાઈ ફુલમાળી (ઉં.વ.૫૫) (રહે., સંજયનગર, બાબેન) અને જીયાભાઈ હુસેન શેખ (ઉં.વ.૫૬) (રહે.,શાસ્ત્રીનગર, બાબેન) હોવાનું જાણવા મળ્યું હતું. પૂછપરછમાં આરોપી દેવાભાઈએ જણાવ્યું હતું કે, તે ગ્રાહકો પાસેથી જુગારના આંકડા લખીને જુગાર રમાડે છે અને તેનો વેપાર જીયાભાઈને આપે છે. પોલીસે સ્થળ પરથી આરોપીઓની અંગજડતી દરમિયાન રોકડા રૂ.૨૮૨૦, સટ્ટાના આંકડા લખેલી સ્લિપ વાળી એક બુક, કાર્બન પેપરનો ટુકડો અને બોલપેન મળી કુલ ૨૮૨૦ રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો છે. આ મામલે બારડોલી ટાઉન પોલીસે બંને આરોપી વિરુદ્ધ ગુનો નોંધી તેમની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે.

જંબુસરમાં બોગસ મેરેજ સર્ટિફિકેટ કેસમાં વધુ એક આરોપી ઝડપાયો

ભરૂચ: જંબુસર પોલીસે આંતરધર્મીય લગ્ન અને કથિત બનાવટી મેરેજ સર્ટિફિકેટના હાઇ-પ્રોફાઇલ કેસમાં મંગળવારે વધુ એક આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. અગાઉ કરજણના ફૈઝલ મજીદ દિવાનની ધરપકડ બાદ હવે પોલીસે ભરત વણકર નામના શખ્સને પકડ્યો હતો.

આ કેસની શરૂઆત વડોદરામાં કાર્યરત 24 વર્ષીય મહિલા ડોક્ટરની ફરિયાદથી થઈ હતી. ફરિયાદ અનુસાર યુવતીને આરોપી ફૈઝલ દિવાન બળજબરીથી ભગાડી ગયો હતો. બાદ તેમનાં લગ્ન થયાનો દાવો કરતું મેરેજ સર્ટિફિકેટ રજૂ કરવામાં આવ્યું હતું. જોકે, પરિવારજનોએ સર્ટિફિકેટની અધિકૃતતા ચકાસતા સરકારી રેકોર્ડમાં આ લગ્ન નોંધાયા ન હોવાનું સ્પષ્ટ થતાં પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, આ કથિત ડુપ્લિકેટ સર્ટિફિકેટ તૈયાર કરવામાં ભરત વણકરની સક્રિય ભૂમિકા હતી. તેમણે બનાવટી દસ્તાવેજ બનાવવા જરૂરી મદદ પૂરી પાડી હોવાના આરોપસર તાબે થતાં જ પોલીસે તેમની ધરપકડ કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, આ સમગ્ર ઘટનાક્રમમાં મેરેજ સર્ટિફિકેટની અધિકૃતતા અને લગ્નની પ્રક્રિયાની તપાસ જારી છે. પોલીસ હવે આ બનાવટી દસ્તાવેજ સાથે સંકળાયેલા અન્ય કોઈ સગાં કે મધ્યસ્થીઓની ભૂમિકાની પણ તપાસ કરી રહી છે. બંને આરોપીને રિમાન્ડ પર લઈ વધુ પૂછપરછ હાથ ધરવામાં આવી છે.

નિઝરમાં જમીનના દસ્તાવેજોમાં કથિત ગેરરીતિ મામલે ત્રણ સામે ફરિયાદ

દસ્તાવેજોમાં અમિત પટેલની પુત્રીનું નામ ગેરકાયદે દાખલ કરી તેને જમીનમાં સહમાલિક દર્શાવવામાં આવી હતી

કુકરમુંડા: નિઝરના મુબારકપુર ગામમાં જમીનના દસ્તાવેજોને લઈ કથિત છેતરપિંડી અને બોગસ દસ્તાવેજો તૈયાર કરી તેનો ઉપયોગ કરવા સામે ત્રણ વ્યક્તિ સામે નિઝર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. ફરિયાદી પ્રિયાબેન યોગેશ એકબોટે દ્વારા નિઝર કોર્ટમાં અરજી કરવામાં આવી હતી. કોર્ટના હુકમના આધારે 24 ઓગસ્ટ-2026ના રોજ નિઝર પોલીસે ફરિયાદ નોંધી હતી. આ કેસમાં વર્ષ-2022માં અમિત અરુણ પટેલ, એસ.કે.પટેલ અને રજનીબેન અરુણભાઈ પટેલ આરોપીઓ દ્વારા મુબારકપુર ગામે આવેલી જમીન, જમીન ખાતા નં.101 અને બ્લોક સરવે નં.58 અંગે ફરિયાદીની જાણ કે સંમતિ વગર ખોટા અને બોગસ સંમતીના લેખ તૈયાર કરવામાં આવ્યા હતા. ફરિયાદમાં દસ્તાવેજો પર સાક્ષી તરીકે સહી કરી ખોટા દસ્તાવેજી પુરાવા ઊભા કરવામાં આવ્યા હોવાનો તથા દસ્તાવેજો ખોટા હોવાની જાણ હોવા છતાં તેનો સાચા દસ્તાવેજ તરીકે ઉપયોગ કરાયો હતો. જમીનમાં અમિત અરુણ પટેલની સગીર પુત્રીનું નામ દાખલ કરી સહમાલિક બનાવવામાં આવ્યાનો પણ ઉલ્લેખ છે. આ મામલે નિઝર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સંક્ષિપ્ત સમાચાર

કામરેજનાં ધૃતિ જોખાકર પીએચ.ડી. થયાં

કામરેજ: કામરેજ ગામનાં ધૃતિ ટી. જોખાકરને અંગ્રેજી વિષયમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત, તરફથી પીએચ.ડી.ની પદવી એનાયત કરવામાં આવી છે. તેમણે સંશોધન કાર્ય એમ.આર. દેસાઈ આર્ટ્સ એન્ડ ઈ.ઈ.એલ. કે. કોમર્સ કોલેજનાં પ્રિન્સિપાલ ડો.ફાલ્ગુનીબેન દેસાઈના માર્ગદર્શન હેઠળ પૂર્ણ કર્યું છે. ડો.ધૃતિ ટી. જોખાકરના સંશોધનનો વિષય Evaluating Paro Anand's Works in the Light of Young Adult Fiction રહ્યો હતો. આ સંશોધન દ્વારા પારો આનંદ નામની લેખિકા દ્વારા રચિત પસંદ કરાયેલી કૃતિઓના સંદર્ભમાં યુવા સાહિત્યના વિવિધ સામાજિક, માનસિક અને સાંસ્કૃતિક પાસાંઓનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

નિઝર અને કુકરમુંડામાં સંસ્કૃત સપ્તાહ મહોત્સવ અંતર્ગત યાત્રા યોજાઈ

કુકરમુંડા: નિઝર અને કુકરમુંડા તાલુકામાં વહીવટી તંત્ર દ્વારા સંસ્કૃત સપ્તાહ મહોત્સવ અંતર્ગત ગતરોજ સંસ્કૃત ગૌરવ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત રાજ્ય શિક્ષણ વિભાગ તથા ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ, ગાંધીનગર દ્વારા પ્રેરિત આ યાત્રાનો મુખ્ય હેતુ ભારતીય સંસ્કૃતિના સંરક્ષણ અને સંવર્ધન સાથે સંસ્કૃત ભાષાના પ્રચાર-પ્રસારને વેગ આપવાનો હતો. કુકરમુંડા તાલુકામાં શ્રી સરસ્વતી વિદ્યાલયના વિદ્યાર્થીઓ દ્વારા સંસ્કૃત ગૌરવ યાત્રા યોજાઈ હતી. જ્યારે નિઝર તાલુકામાં શ્રી આર. જી. પટેલ વિદ્યાલય, સરદાર વલ્લભભાઈ વિદ્યાલય, મોડેલ સ્કૂલ નિઝર તથા નિઝર કોલેજના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં રેલીમાં જોડાયા હતા.

કેનેડામાં 'વાઈબ્રન્ટ ગુજરાત'માં મારુતિસિંહ અટોદરીયાને આમંત્રણ

ભરૂચ: તાજેતરમાં કેનેડાના બ્રેમ્પટન-ગ્રેટર ટોરેન્ટો ખાતે આયોજિત વૈશ્વિક બિઝનેસ ઇવેન્ટમાં ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ભાગ લીધો હતો. આ પ્રોગ્રામ દરમિયાન તેમણે ત્યાં ઉપસ્થિત ભરૂચના ભાજપ અગ્રણી મારુતિસિંહ અટોદરીયા સાથે મૈત્રીપૂર્ણ હસ્તધૂનન કર્યું હતું. સ્વાગત પ્રવચન વખતે મુખ્યમંત્રીએ પોતાના સંબોધનમાં તેઓના નામનો ખાસ ઉલ્લેખ કર્યો હતો. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ કેનેડામાં વસવાટ કરતા ગુજરાતી ઉદ્યોગપતિઓ, વેપારીઓ અને એનઆરજી સમુદાયને 'વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-2027' માટે આમંત્રણ આપવાનો હતો. મારુતિસિંહ અટોદરીયાને આ પ્રસંગે સત્તાવાર આમંત્રણ મળ્યું હતું. મુખ્યમંત્રી પટેલે પોતાના સંબોધનમાં ગુજરાતમાં સેમિકન્ડક્ટર, રિન્યુએબલ એનર્જી, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) અને ગિફ્ટ સિટી (GIFT City) જેવા અત્યાધુનિક ક્ષેત્રોમાં ઉપલબ્ધ નવીન તકોનું વિગતે પ્રદર્શન કર્યું હતું.

વલવાડા સાર્વજનિક વિદ્યાલય ખાતે કાર્યક્રમ

ભોરિયા: ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા આયોજિત સંસ્કૃત સપ્તાહ અંતર્ગત આજરોજ અંબિકા તાલુકાની સંસ્કૃત ગૌરવ યાત્રાનું આયોજન ધનગૌરી સાર્વજનિક વિદ્યાલય વલવાડા ખાતે કરવામાં આવ્યું હતું. સંસ્કૃત ભાષા પ્રત્યે રસ ,ગૌરવ અને પ્રેમ વિકસાવવા માટે તેમજ સમાજમાં અને વિદ્યાર્થીઓમાં સંસ્કૃત ભાષાના મહત્ત્વ અંગે જાગૃતિ લાવવા માટે આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગામનાં સરપંચ જ્યોત્સનાબેન પટેલ, તલાટી કમ મંત્રી હંસાબેન આહીર, સંસ્થાના ઉપપ્રમુખ, કારોબારી સભ્ય, શાળાના આચાર્ય, શાળાના તમામ સારસ્વત ભાઈઓ અને બહેનો તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયા હતા. સંસ્કૃત શ્લોકના ઉચ્ચાર સાથે ગૌરવ યાત્રાને પ્રસ્થાન કરાવાયું હતું. જે ગામના મુખ્ય માર્ગ પરથી પસાર થઈ નીલકંઠેશ્વર મહાદેવ મંદિરના પ્રાંગણમાં યાત્રાનું સમાપન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળાના શિક્ષક તેમજ શાળાના આચાર્યએ સંસ્કૃત ભાષાના ગૌરવપૂર્ણ વારસા વિશે માહિતી આપી હતી.

બારડોલીના સાંકરી ખાતે પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ યોજાયો

બારડોલી: રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ બારડોલી તાલુકાની મુલાકાત દરમિયાન સાંકરી સ્થિત BAPS સ્વામિનારાયણ મંદિરના સભાગૃહમાં આયોજિત પ્રાકૃતિક કૃષિ પરિસંવાદમાં ઉપસ્થિત રહી ખેડૂતોને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. રાજ્યપાલે રાજપુરા લુંભા ગામના પ્રગતિશીલ ખેડૂત રાકેશભાઈ પટેલના પ્રાકૃતિક ફાર્મની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન રાજ્યપાલે સ્વયં ગાય દોહીને ખેડૂતોને ગૌ-આધારિત પ્રાકૃતિક કૃષિનું મહત્વ સમજાવ્યું હતું. તો ટીંબરવા ગામે રાત્રિ રોકાણ કરી ગામના ચોકમાં ગ્રામજનો સાથે આત્મીય સંવાદ સાધ્યો હતો.

સાકીમાં નહેરમાંથી અજાણી મહિલાની લાશ મળી

પલસાણા: પલસાણાના સાકીની નહેરમાંથી એક અજાણી મહિલાનો મૃતદેહ મળી આવ્યો હતો. મહિલાનું પાણીમાં ડૂબી જવાથી મોત નિપજ્યું હોવાનું પ્રાથમિક તબક્કે જાણવા મળ્યું છે. પલસાણા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

દાદરિયાના સરપંચ ફરી સત્તા સંભાળશે

વાલોડ: વાલોડના દાદરિયા ગામના સરપંચને વર્ષ-2025 સસ્પેન્ડ કરાયા હતા. જોકે, તેમણે ગામના વિકાસ માટે સતત સંઘર્ષ ચાલુ રાખ્યો હતો અને આખરે તેમની મહેનત રંગ લાવી અને તેમને અધિક વિકાસ કમિશનર ગાંધીનગર તરફથી ફરી સત્તા સાંભળવાનો હુકમ કરતાં ગ્રામજનોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. જ્યારે વિરોધીઓના મોં હેઠા પડી ગયા છે. દાદરિયા ગામે તા.20/1/2022માં મહેન્દ્રભાઈ ધનસુખભાઈ ગામીતે સરપંચ તરીકેનો ચાર્જ સંભાળ્યો હતો. જોકે, કેટલાક અસંતુષ્ટોએ તેમના વિરુદ્ધ અરજી કરતાં મહેન્દ્ર ગામીતને કામમાં બેદરકારી અને વિવિધ મુદ્દાઓને લઇ સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. જોકે, સરપંચ મહેન્દ્ર ગામીતે લડત ચાલુ રાખી અને તેમના વિરુદ્ધ આક્ષેપો જે થયા હતા એ બાબતે અધિક વિકાસ કમિશનરને દરેક આક્ષેપોનો જવાબ આપ્યો હતો. જે જવાબને લઇ સરપંચને ફરી સત્તા પર બેસવા માટેનો હુકમ કરવામાં આવ્યો હતો.